# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-03-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પુડુચેરીમાં 2 હજાર 700 કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કર્યું

2) ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીના શોકમાં તેહરાન, ઇસ્ફહાન અને મશહદમાં હજારો લોકો એકઠા થયા

3) મહારાષ્ટ્રના નાગપુરમાં એક કંપનીમાં વિસ્ફોટ થતાં 17 ના મોત

4) ભારતે દૂધ ઉત્પાદનમાં વૈશ્વિક સ્તરે પોતાનું ટોચનું સ્થાન સતત જાળવી રાખ્યું

5) ICC પુરુષ T-20 ક્રિકેટ વિશ્વ કપમાં, આજે ભારત સુપર એઈટમાં પોતાનો છેલ્લો મુકાબલો વેસ્ટ ઈન્ડિઝ સામે રમશે

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM PUDUCHERRY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પુડુચેરીમાં, 2,700 કરોડ રૂપિયાથી વધુની વિવિધ વિકાસ પરિયોજનાનું ઉદ્ઘાટન અને ખતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે શ્રી મોદીએ જણાવ્યું, એક મજબૂત અને સશક્ત યુવા આપણા વિકાસનો પાયો છે.

બાઇટ : PM-MODI--JOB-PUDDUCHERY

તેમણે ઉમેર્યું, પુડુચેરી મેડિકલ ટુરિઝમ હબ બની શકે છે.

બાઇટ : PM-MODI-ON-MEDICAL-TOURISM-HUB

પ્રધાનમંત્રી આજે તમિલનાડુના મદુરાઈ પહોંચશે, જ્યાં તેઓ 4,400 કરોડ રૂ. થી વધુના માળખાગત પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન, સમર્પણ અને શિલાન્યાસ કરશે. તમિલનાડુમાં પ્રસારણ સેવાઓને વધુ મજબૂત બનાવવા માટે, પ્રધાનમંત્રી કુંભકોણમ, ચેરકૌડ અને વેલ્લોરમાં ત્રણ નવા ઓલ ઈન્ડિયા રેડિયો એફએમ રિલે ટ્રાન્સમીટરનું ઉદ્ઘાટન કરશે.

આ ટ્રાન્સમીટર પ્રાદેશિક કવરેજને વિસ્તૃત કરશે અને રાજ્યના અનેક જિલ્લાઓમાં જાહેર પ્રસારણ સેવાઓની પહોંચ વધારશે. પ્રધાનમંત્રી મદુરાઈમાં એક રેલીને સંબોધિત કરશે. તેઓ તિરુપ્પરંકુન્દ્રમમાં અરુલમિગુ સુબ્રમણ્યસ્વામી મંદિરની મુલાકાત લેશે અને પ્રાર્થના કરશે.

# KHAMENEI- MOURN - MARTYRDOM

યુએસ-ઇઝરાયલી હવાઈ હુમલામાં માર્યા ગયેલા ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીના શોકમાં તેહરાન, ઇસ્ફહાન અને મશહદમાં હજારો લોકો એકઠા થયા છે.

રાજ્ય મીડિયા દ્વારા તેમના મૃત્યુને ગાર્ડિયનની શહાદત તરીકે દર્શાવવામાં આવી રહ્યું છે, તેમના મૃત્યુને હાર તરીકે નહીં, પરંતુ રાષ્ટ્રની સાર્વભૌમત્વ માટેના અંતિમ બલિદાન તરીકે રજૂ કરવામાં આવી રહ્યું છે. નાગરિકોએ પવિત્ર સ્થળોએ શ્રદ્ધાંજલિ આપી અને હુમલાઓનો વિરોધ કર્યો.

# TRUMP WARN IRAN

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેહરાનને ચેતવણી આપી હતી કે અમેરિકા તેમના પર વધુ સખત હુમલો કરશે. તેમણે સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું છે કે ઈરાને હમણાં જ કહ્યું છે કે તેઓ આજે ખૂબ જ સખત હુમલો કરવાના છે, જે પહેલા ક્યારેય કર્યો નથી.

શ્રી ટ્રમ્પે કહ્યું કે તેઓએ તેમ ન કરવું જોઈએ, કારણ કે જો તેઓ હુમલો કરશે, તો અમેરિકા તેમના પર એવી તાકાતથી હુમલો કરશે જે પહેલાં ક્યારેય જોવા મળી નથી. ટ્રમ્પનું નિવેદન ઈરાને તેના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ ખામેનીની હત્યાનો બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી અને યુએસ અને ઇઝરાયલ ઠેકાણાઓ પર નવા હુમલા કર્યા પછી આવી છે.

શ્રી ટ્રમ્પે કહ્યું, ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ ખામેનીની હત્યા ઈરાનના લોકો અને અમેરિકનો માટે ન્યાય છે.

# KAMALA HARRIS-IRAN

અમેરિકાના ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે ઈરાન પર અમેરિકન હુમલાઓ પર રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની આકરી ટીકા કરી હતી.

તેમના પર આરોપ લગાવ્યો હતો કે તેઓ દેશને એવા યુદ્ધમાં ખેંચી રહ્યા છે, જે અમેરિકન લોકો ઇચ્છતા નથી અને લશ્કરી કાર્યવાહીને ગેરવાજબી ગણાવી હતી.

એક નિવેદનમાં, કમલા હેરિસે કહ્યું કે તેઓ ઈરાનમાં શાસન પરિવર્તન યુદ્ધનો વિરોધ કરે છે, અને ટ્રમ્પના પસંદગીના યુદ્ધ માટે અમેરિકન સૈનિકોને જોખમમાં મૂકવામાં આવી રહ્યા છે.

સુશ્રી હેરિસે ચેતવણી આપી હતી કે સંઘર્ષ ભારે કિંમત ચૂકવી શકે છે અને ઉમેર્યું હતું કે રાષ્ટ્રપતિ પહેલાથી જ કહી ચૂક્યા છે કે આ સંઘર્ષ અમેરિકન જાનહાનિનું કારણ બની શકે છે. બંધારણીય સત્તા તરફ વળતાં, તેમણે કહ્યું કે અમેરિકાના બંધારણ હેઠળ, રાષ્ટ્રપતિને યુદ્ધમાં પ્રવેશવા માટે કોંગ્રેસ પાસેથી અધિકૃતતા મેળવવી આવશ્યક છે.

# CHINA - CALL FOR CEASEFIRE

ઈરાનમાં અમેરિકા અને ઈઝરાયલી હુમલાઓ બાદ ચીને તાત્કાલિક યુદ્ધવિરામની હાકલ કરી છે.

ચીનના વિદેશ મંત્રાલયે આ હુમલાઓ પર ચિંતા વ્યક્ત કરી છે અને તમામ પક્ષોને સંયમ રાખવા અને સમાધાન માટે વાતચીતમાં જોડાવા વિનંતી કરી છે. મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે ઈરાનની સાર્વભૌમત્વ, સુરક્ષા અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરવું જોઈએ.

ચીનની રાજ્ય સમાચાર એજન્સીએ કહ્યું છે કે અમેરિકી લશ્કરી કાર્યવાહી યુએન ચાર્ટર અને આંતરરાષ્ટ્રીય સંબંધોના મૂળભૂત ધોરણોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે.

દરમિયાન, ચીનના વિદેશ મંત્રાલયે ઈરાનમાં રહેતા તેમના નાગરિકોને અઝરબૈજાન, આર્મેનિયા, તુર્કી અને ઇરાક થઈને દેશ છોડવાની પણ સલાહ આપી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# MEA ADVISORY

વિદેશ મંત્રાલયે ભારતમાં રહેતા તમામ વિદેશી નાગરિકો માટે એક સલાહદર્શિકા જારી કરી છે જેમને પશ્ચિમ એશિયામાં હાલની સ્થિતિને કારણે તેમના વિઝા લંબાવવામાં અથવા તેમના રોકાણને નિયમિત કરવામાં સહાયની જરૂર હોય.

મંત્રાલયે જણાવ્યું છે કે વિદેશી નાગરિકો આ અંગે નજીકના વિદેશી પ્રાદેશિક નોંધણી કાર્યાલય-FRRO નો સંપર્ક કરી શકે છે. તેમાં ઉમેર્યું હતું કે સંબંધિત FRRO જરૂરી ઔપચારિકતાઓમાં મદદ કરશે. આ માટે વેબસાઇટ boi.gov.in પર સંપર્ક કરી શકાશે.

# NEW. INDIAN EMBASSIES ADVISORIES

પશ્ચિમ એશિયામાં ભારતીય દૂતાવાસોએ તેમના નાગરિકોને ઈરાનમાં અમેરીકી -ઇઝરાયલી હવાઈ હુમલાને કારણે પ્રવર્તમાન પ્રાદેશિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જારી કરાયેલી સલાહનું પાલન કરવા વિનંતી કરી છે.

કટોકટીના સમયે સમયસર સહાય પૂરી પાડવા માટે દૂતાવાસોએ 24x7 હેલ્પલાઇન નંબર અને ઇમેઇલ આઈડી પણ સમયસર જારી કર્યા છે.

કટોકટીના કિસ્સામાં, ઇઝરાયલમાં, દૂતાવાસના લોકો હેલ્પલાઇન નંબર, +972-54-7520711 પર સંપર્ક કરી શકે છે, અથવા cons1.telaviv@mea.gov.in પર ઇમેઇલ કરી શકે છે. તેહરાનમાં ભારતીય દૂતાવાસે પણ કટોકટી સંપર્ક નંબરો જારી કર્યા છે: +989128109115, +989128109109. અબુ ધાબીમાં ભારતીય દૂતાવાસનો ટોલ ફ્રી નંબર 800-46342 છે, લોકો ઇમેઇલ, pbsk.dubai@mea.gov.in પર પણ સંપર્ક કરી શકે છે.

લોકો કુવૈતમાં ભારતીય દૂતાવાસનો community.kuwait@mea.gov.in પર સંપર્ક કરી શકે છે અથવા હેલ્પલાઇન નંબર +96565501946 પર કૉલ કરી શકે છે.

# MAHARASHTRA BLAST

મહારાષ્ટ્રના નાગપુર જિલ્લાના કાલમેશ્વર પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્ર હેઠળના રાહુલગાંવમાં SBL એનર્જી લિમિટેડની ફેક્ટરીમાં આજે થયેલા વિસ્ફોટમાં 17 લોકોના મોત થયા છે.

નાગપુર ગ્રામીણ પોલીસ અધિક્ષક હર્ષ પોદ્દારે ઘટનાની પુષ્ટિ કરી છે. ઘાયલોની ચોક્કસ સંખ્યા હજુ સુધી જાણી શકાઈ નથી. આજે વહેલી સવારે લગભગ સાડા પાંચ વાગ્યે વિસ્ફોટ થયો હતો. સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા અનુસાર વિસ્ફોટની તીવ્રતા એટલી જોરદાર હતી કે તેનો અવાજ દૂર દૂર સુધી સંભળાયો હતો.

ઘટનાની માહિતી મળતાં નાગપુર જિલ્લા મેજિસ્ટ્રેટ ડૉ. વિપિન ઇતનકર પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, વિસ્ફોટનું ચોક્કસ કારણ અને ઘાયલોની સંખ્યા હજુ સ્પષ્ટ નથી. રાહત અને બચાવ કામગીરીને હાલમાં પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

# INDIA - MILK PRODUCTION

ભારતે દૂધ ઉત્પાદનમાં વૈશ્વિક સ્તરે પોતાનું ટોચનું સ્થાન સતત જાળવી રાખ્યું છે, જે વિશ્વના કુલ ઉત્પાદનમાં લગભગ 25 ટકા યોગદાન આપે છે. છેલ્લા દાયકામાં, આ ક્ષેત્રે લગભગ છ ટકાનો ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર નોંધાવ્યો છે, જેમાં ઉત્પાદન 2014-15માં 146 મિલિયન ટનથી વધીને 2024-25માં 247 મિલિયન ટનથી વધુ થયું છે, જે 69.4 ટકાથી વધુ વૃદ્ધિ દર્શાવે છે.

આ સતત વિસ્તરણે પોષણની પહોંચમાં સુધારો કર્યો છે, જે 2024-25માં પ્રતિ વ્યક્તિ દૂધની ઉપલબ્ધતા 485 ગ્રામ પ્રતિ દિવસ દર્શાવે છે, જે વૈશ્વિક સરેરાશ 328 ગ્રામ કરતાં નોંધપાત્ર રીતે વધુ છે.

# ICC T20 WORLD CUP

ICC પુરુષ T-20 ક્રિકેટ વિશ્વ કપમાં, આજે ભારત સુપર એઈટમાં પોતાનો છેલ્લો મુકાબલો વેસ્ટ ઈન્ડિઝ સામે કોલકાતામાં રમશે. ઈડન ગાર્ડન્સ ખાતે સાંજે ૭ વાગ્યે આ મેચ શરૂ થશે. આ મેચનું પરિણામ ટુર્નામેન્ટમાં ભારતનું ભાગ્ય નક્કી કરશે.

સુપર એઈટ ગ્રુપ વનની બીજી મેચમાં, દક્ષિણ આફ્રિકા ઝિમ્બાબ્વે સામે અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે બપોરે ૩ વાગ્યે રમશે. વિશ્વ કપની સેમિફાઇનલ ૪ અને ૫ માર્ચે યોજાવાની છે, જ્યારે ફાઇનલ ૮ માર્ચે રમાશે.